માનસિક બિમારીમાંથી સારવાર લીધા બાદ સાજા થયેલા સ્ત્રીઓ/પુરુષો માટે પુન:સ્થાપન ગૃહ શરૂ કરવા કુલ રૂ.૧૭૨.૯૨ લાખ ખર્ચ કરવાની વહીવટી મંજૂરી આપવા બાબત.

ગુજરાત સરકાર
સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ,
ઠરાવ ક્રમાંક-અપગ/૧૦૨૦૧૯/૨૫૭૫૧૦/છ.૧
સચિવાલય, ગાંધીનગર
તા.૧૦/૧૦/૨૦૧૯.

વંચાણે લીધા-

(૧) નિયામકશ્રી, સમાજ સુરક્ષા ખાતાની કચેરી, ગાંધીનગરનો તા.૦૬.૦૫.૨૦૧૯નો પત્ર નં. સસુખા /યજન/નવી બાબત/૨૦૧૯-૨૦/૧૧૦.

(૨) નિયામકશ્રી, સમાજ સુરક્ષા ખાતાની કચેરી, ગાંધીનગરનો તા.૦૫.૦૮.૨૦૧૯નો પત્ર નં.સસુખા /યજન/નવી- બાબત-/૨૦૧૯-૨૦/૩૫૦.

(૩) નિયામકશ્રી, સમાજ સુરક્ષા ખાતાની કચેરી, ગાંધીનગરનો તા.૦૫.૦૮.૨૦૧૯નો પત્ર નં.સસુખા /યજન/નવી- બાબત-/૨૦૧૯-૨૦/૩૫૧.

<u>આમુખ-</u>

નામદાર સુપ્રિમકોર્ટમાં માનસિક બિમારીમાંથી સારવાર લીધા બાદ સાજા થયેલા વ્યક્તિઓ માટે રીટ પીટીશન (સીવીલ) નં.૪૧૨/૧૬ તથા કન્ટેમ્પ્ટ પીટીશન નં.૧૬૫૩/૨૦૧૮માં નામ. સુપ્રિમ કોર્ટ દ્વારા આપવામાં આવેલ ડાયરેક્શન મુજબ ભારત સરકારના સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રાલય દ્વારા રજૂ કરવામાં આવેલ એફિડેવિટમાં રજૂ કરેલ માર્ગદર્શિકા મુજબ માનસિક બિમારીમાંથી સારવાર લીધા બાદ સાજા થયેલા સ્ત્રીઓ/પુરુષો માટે રાજ્યમાં અમદાવાદ, ગાંધીનગર (ડભોડા-માત્ર મહિલાઓ માટે), રાજકોટ, ભુજ, સુરત, જામનગર અને વડોદરા ખાતે સરકારી ધોરણે પુન:સ્થાપન ગૃહ શરૂ કરવા અંગેની વર્ષ ૨૦૧૯-૨૦નાં અંદાજપત્રમાં મંજૂર રહેલ નવી બાબતની કુલ રૂ.૧૭૨.૯૨ લાખની જોગવાઇનો ખર્ચ કરવાની વહીવટી મંજૂરી આપવા વંચાણે લીધેલા ક્રમાંક (૨) અને (૩) પરના પત્રોથી કરવામાં આવેલ નિયામકશ્રી, સમાજ સુરક્ષા ખાતાની કચેરી, ગાંધીનગરની દરખાસ્ત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

ઠરાવ-

પુખ્ત વિચારણાને અંતે નિયામકશ્રી, સમાજ સુરક્ષા ખાતાની કચેરી, ગાંધીનગરના વંચાણે લીધેલા ક્રમાંક (૧) થી (૩) પરના પત્રોથી કરવામાં આવેલ દરખાસ્તના અનુસંધાને માનસિક બિમારીમાંથી સારવાર લીધા બાદ સાજા થયેલા સ્ત્રીઓ/પુરુષો માટે રાજ્યમાં અમદાવાદ, ગાંધીનગર (ડભોડા-માત્ર મહિલાઓ માટે), રાજકોટ, ભુજ, સુરત, જામનગર અને વડોદરા ખાતે સરકારી ધોરણે પુન:સ્થાપન ગૃહ શરૂ કરવા અંગે કુલ રૂ.૧૭૨.૯૨ લાખનો ખર્ચ કરવાની વહીવટી મંજૂરી નીચેની વિગતો/શરતોને અધિન આપવામાં આવે છે.

ટેબલ ૧:- સંસ્થામાં ૫૦ સ્ત્રીઓ/પુરુષોની સંસ્થા માટે કર્મચારીગણ નીચે મુજબ હશે.

| ક્રમ | કર્મચારી ગણનો હોદ્દો | વર્ગ | સંખ્યા | માસિક ફિક્સ પગાર | ૫ વર્ષ પુરા થયે પુરા પગાર ધોરણમાં | વાર્ષિક અંદાજ ખર્ચ (રૂપિયા) |
|---|---|---|---|---|---|---|
| ૧ | અધીક્ષક (ઓફિસર ઇન ચાર્જ) | 3 | ૧ | રૂ.3૮,0૯0/- | ૯300-3૪૮00 ગ્રેડ પે -૪૪00 | 3૮0૯0×૧૨×૧=૪,૫૭,0૮0/ |
| ૨ | ગૃહમાતા/ગૃહપતિ | 3 | ૨ | રૂ.૧૯,૯૫0/- | ૫૨00-૨0૨00 ગ્રે.પે.૨૪00 | ૧૯૯૫0×૧૨×૨=૪,૭૮,૮00/ |
| 3 | સીની.ક્લાર્ક /એકાઉન્ટન્ટ | 3 | ૧ | રૂ.૧૯,૯૫0/- | ૫૨00-૨0૨00 ગ્રેડ પે ૨૪00 | ૧૯૯૫0×૧૨×૧=૨,3૯,૪00/ |
| ૪ | એટેન્ડન્ટ (આઉટસોર્સ) | ૪ | ૪ | અંદાજિત ૧૨,000/- | આઉટસોર્સ | ૧૨000×૧૨×૪=૫,૭૬,000/ |
| ૫ | રસોયા(આઉટસોર્સ) | ૪ | ૧ | અંદાજિત ૧૨,000/- | આઉટસોર્સ | ૧૨000×૧૨×૧=૧,૪૪,000/ |
| ૬ | મદદનીશ રસોયા (આઉટસોર્સ) | ૪ | ૧ | અંદાજિત ૧૨,000/- | આઉટસોર્સ | ૧૨000×૧૨×૧=૧,૪૪,000/ |
| ૭ | હાઉસ કિપર(આઉટસોર્સ) | ૪ | ૧ | અંદાજિત ૧૨,000/- | આઉટસોર્સ | ૧૨000×૧૨×૧=૧,૪૪,000/ |

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| ૮ | ચોકીદાર (આઉટસોર્સ) | ૪ | ૨ | અંદાજિત ૧૨,૦૦૦/- | આઉટસોર્સ | ૧૨૦૦૦×૧૨×૨=૨,૮૮,૦૦૦/ |
| ૯ | સ્વીપર(આઉટસોર્સ) | ૪ | ૨ | અંદાજિત ૧૨,૦૦૦/- | આઉટસોર્સ | ૧૨૦૦૦×૧૨×૨=૨,૮૮,૦૦૦/ |
| ૧૦ | નર્સિંગ સ્ટાફ (કેર ગીવર) | ૩ | ૧ | આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગમાંથી સેવાઓ મેળવવામાં આવશે. | | |
| ૧૧ | વીઝીટીંગ સાઇકાયાટ્રીસ્ટ | ૧ | ૧ | | | |
| ૧૨ | વીઝીટીંગ મેડિકલ ઓફિસર | ૧ | ૧ | | | |
| | | | ૧૮ | કુલ ખર્ચ | | ૨૭,૫૯,૨૮૦/- |
| ૭ સંસ્થા માટે મંજુર કરવાનું થતુ મહેકમ | | | ૧૮*૭ = ૧૨૬ | ૭ સંસ્થા માટે થતો અંદાજીત વાર્ષિક ખર્ચ | | ૧,૯૩,૧૪,૯૬૦/- |

- ૭ સંસ્થામાં ૬ મહિના માટે થતો અંદાજીતખર્ચ: ૧,૯૩,૧૪,૯૬૦× ૬ / ૧૨ = ૯૬,૫૭,૪૮૦/-

<u>શરતો</u>:-

૧. ઉપરોક્ત ટેબલ મુજબના કર્મચારીઓની ભરતીની પ્રકિયા એક વર્ષમાં પૂર્ણ કરવાની રહેશે.

૨. ઉપરોક્ત ટેબલ મુજબના ક્રમ નં. ૧ થી ૩ સુધીના કર્મચારી ગણની ભરતી ના.વિ.ના તા.૧૬.૦૨.૨૦૦૬ના ઠરાવ મુજબ સીધી ભરતીથી કરવાની રહેશે.

૩. ઉપરોક્ત ટેબલ મુજબના ક્રમ નં. ૧ થી ૩ સુધીના કર્મચારી ગણના ભરતી નિયમો સમાજ સુરક્ષા ખાતા હસ્તકના ભરતી નિયમો મુજબ રહેશે.

૪. ઉપરોક્ત ટેબલ મુજબના ક્રમ નં- ૧૦ થી ૧૨ સુધીના કર્મચારીગણને આરોગ્ય અને પરીવાર કલ્યાણ વિભાગના ભરતી નિયમો લાગુ પડશે અને મંજુર થયેલ મહેકમની સેવાઓ આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગમાંથી મેળવવામાં આવશે.

૫. નવીન ૭ જિલ્લાઓમાં માનસિક બિમારીમાંથી સારવાર લીધા બાદ સાજા થયેલા સ્ત્રી/પુરૂષો માટે રહેણાંકીય વ્યવસ્થા જિલ્લાની સ્થાનિક સંસ્થામાં શરૂ કરવાની રહે છે જે માટે નિયામકશ્રી, સમાજ સુરક્ષા દ્વારા સ્થળ નક્કી કરવામાં આવશે.

૬. આ પુન:સ્થાપન ગૃહોને રાજ્યમાં અમદાવાદ, ગાંધીનગર (ડભોડા-માત્રમહિલાઓ માટે), રાજકોટ, ભુજ, સુરત, જામનગર અને વડોદરા ખાતે સરકારી ધોરણે શરૂ કરવાના રહેશે.

ટેબલ ૨:- સંસ્થામાં નિભાવ માટેની ગ્રાન્ટનું કોષ્ટક

| ક્રમ | બાબત | રકમ રૂપિયા |
|---|---|---|
| ક. | અનાવર્તક ખર્ચ | |
| ૧ | ફર્નીચર જેમાં ૫૦ પલંગ કબાટ, સ્ટીલના બોક્સ, ટેબલ-ખુરશી ભોજન ખંડ તેમજ વર્ગ ખંડ માટે, પુસ્તકાલય માટે, ગૃહના કર્મચારીઓ માટે, પુસ્તકાલય વર્ગ અને કર્મચારીઓ માટે કબાટ વગેરે. | ૫,૦૦,૦૦૦/- |
| ૨ | પુસ્તકાલય માટે પુસ્તકોની એક વખત ખરીદી | ૧૦,૦૦૦ |
| 3 | UPS સાથેના ત્રણ કોમ્પ્યુટર (સોફ્ટવેરના લાયસન્સના ખર્ચ સહિત) તથા એક પ્રિન્ટર સહ સ્કેનર | ૧,૩૫,૦૦૦ |
| ૪ | બે ટેલીવિઝન | 30,000 |
| ૫ | રસોડા માટે વાસણો, ગેસ જોડાણ, વોટર ફિલ્ટર | ૭૦,૦૦૦ |
| | કુલ... | ૭,૪૫,૦૦૦/- |
| ખ. | આવર્તક ખર્ચ | |
| ૬ | નિભાવ ખર્ચ રૂ.૨૦૦૦/- એક સ્ત્રી/પુરુષ માટે પ્રતિ માસ અને રૂ.૬૦૦/- કપડા, દવાઓ, સાબુ, તેલ વગેરે | ૧,૩૦,૦૦૦ |
| ૭ | પાગરણ જેવાં ગાદલાં, ચાદર ઓશીકું, ધાબળા, શેતરંજી વગેરે રૂા. ૮૦૦/- પુરૂષો દીઠ પ્રતિ વર્ષ | ૪૦,૦૦૦ |
| ૮ | પાણી અને વીજળી ખર્ચ રૂા. ૧૦,૦૦૦ પ્રતિમાસ (ખરેખર ખર્ચને આધીન) | ૧,૨૦,૦૦૦ |
| ૯ | વાર્ષિક પગાર ખર્ચ( સંસ્થા શરૂ કરતા આશરે ૪ થી ૬ માસ જેટલો સમય વ્યતીત થતો હોય ટેબલ-૧ ના ૫૦% ખર્ચની જોગવાઈ કરેલ છે.) | ૧૩,૭૯,૬૪૦ |
| ૧૨ | કન્ટીજન્સી (ઇન્ટરનેટ કનેકશન,વોચમેનની સેવાઓ અને ડેટા ઓપરેટના ખર્ચ સાથે) | ૫૫,૦૦૦ |
| | | |
| | કુલ... | ૧૭,૨૪,૬૪૦/- |
| | ૧ સંસ્થામાં થતો અંદાજીત ખર્ચ:કુલ (ક+ખ) | ૨૪,૬૯,૬૪૦/- |
| | ૭ સંસ્થા માટે થતો અંદાજીત ખર્ચ: | ૧૭૨,૮૭,૪૮૦/- |

શરતો-

(૧) આ મંજૂરી અન્વયે કરવાનો થતો ખર્ચ નાણાકીય વર્ષ ૨૦૧૯-૨૦ની અંદાજપત્રીય જોગવાઇને આધીન અને નાણાં વિભાગ દ્વારા વખતો વખત ફાળવવામાં આવતી ગ્રાન્ટની મર્યાદામાં કરવાનો રહેશે.

(૨) પ્રસ્તુત બાબતે પ્રવર્તમાન નિયમોને આધીન આગામી નાણાકીય વર્ષમાં પર્યાપ્ત અંદાજપત્રિય જોગવાઈ કરાવી લેવાની રહેશે.

(૩) આ અંગેનું ખર્ચ રાજ્ય સરકારના સ્થાયી તેમજ વખતો-વખત લાગુ પડતા ઠરાવો-પરિપત્રો અને નિયમોની જોગવાઈ મુજબ નિયત પધ્ધતિથી કરવાનું રહેશે.

(૪) આ મંજુરી અંગે ફાળવેલ ગ્રાન્ટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહીં. બચત રહેતી રકમ વર્ષ આખરે સરન્ડર કરવાની રહેશે.

(૫) આ મંજૂરી અન્વયે કરવાના થતા ખર્ચ અંગે નાણાકીય ઔચિંત્યના સિધ્ધાંતોનો અમલ કરવાનો રહેશે.

(૬) વર્ગ-3 ની જગ્યાઓ ભરતી નિયમોની જોગવાઈ મુજબ જો બઢતીના ફાળે આવતી હોય તે પ્રમાણે અને જો સીધી ભરતીના ફાળે ફાળે આવતી હોય તો નાણાં વિભાગના તા.૧૬/૦૨/૨૦૦૬ અને સામાન્ય વહીવટ વિભાગના તા.૦૪/૦૬/૨૦૦૯ના ઠરાવથી અમલી બનેલ ફીક્સ પગારની નીતિ અને તેમાં વખતો-વખત થયેલ સુધારાઓની જોગવાઈઓ પ્રમાણે ભરવાની રહેશે.

(૭) જે તે જગ્યાના પગાર ધોરણો ROP-2006/ROP-2016/Pay-Matrix-Level પ્રમાણે છે કે કેમ તે અંગેની ખાતરી કરી લેવાની જવાબદારી નિયામકશ્રી, સમાજ સુરક્ષાની રહેશે.

(૮) સીધી ભરતીથી નિમણૂક પામનાર ઉમેદવારને નિયમિત નિમણૂક મળ્યા બાદ નાણાં વિભાગના તા.૧૮/03/૨૦૦૫ના ઠરાવ ક્રમાંક:નપન/૨૦૦3/જીઓઆઈ/૧૦ (પા.ફા.)ની જોગવાઈ પ્રમાણે રાજ્ય સરકાર દ્વારા તા.૦૧/૦૪/૨૦૦૫થી દાખલ કરવામાં આવેલ નવી વર્ધીત પેન્શન યોજના તેમજ તે અંગેના વખતો-વખત થયેલ સુધારા લાગુ પાડવાના રહેશે.

(૯) આ જગ્યાઓ ભરતી વખતે અનામતનું ધોરણ નિયમોનુસાર જળવાય તે નિયામકશ્રી, સમાજ સુરક્ષાએ જોવાનું રહેશે. આ જગ્યાઓ ભરતી વખતે બેકલોગની જગ્યા હોય તો તેને અગ્રીમતા આપવાની રહેશે.

(૧૦) આ જગ્યાઓ ઉપરની ભરતી સરકારશ્રીના જે તે જગ્યાના પ્રવર્તમાન પરીક્ષા નિયમો અને નિયત ભરતી પધ્ધતિ અનુસરીને કરવાની રહેશે.

(૧૧) કોમ્પ્યુટરની જાણકારી માટે પ્રવર્તમાન ભરતી નિયમોનુસાર ઉમેદવાર નિયત થયેલ કોમ્પ્યુટર કૌશલ્યની પરીક્ષા પાસ કરેલ/લાયકાત ધરાવતા હોવા જોઈએ.

(૧૨) રાજ્ય સરકાર દ્વારા વખતોવખત નિયત કાર્યભારણનો ચુસ્તપણે અમલ કરવાનો રહેશે.

(૧૩) નવી મંજૂર કરેલ જગ્યાઓ જે તે નાણાકીય વર્ષના અંત સુધી ચાલુ રાખવાની મંજૂરી આપવામાં આવેં છે. ત્યારબાદ જગ્યાઓ વખતો-વખત ચાલુ રાખવાની થાય તો જગ્યાઓ લંબાવવાની દરખાસ્તની મુદ્દત પૂરી થતાં પહેલાંના દોઢ માસ અગાઉ દરખાસ્ત નિયામકશ્રી, સમાજ સુરક્ષાએ વિભાગને રજૂ કરવાની રહેશે, જે વિભાગે એક માસ અગાઉ નાણા સલાહકારશ્રીને રજૂ કરી જગ્યાઓ વધુ સમય માટે ચાલુ રાખવાની મંજૂરી મેળવી લેવાની રહેશે.

(૧૪) આઉટસોર્સિંગથી સેવાઓ લેવાની થતી હોય તેવા કિસ્સાઓમાં સામાન્ય વહીવટ વિભાગના તા.૦૧/૦૪/૨૦૧૦ના ઠરાવના આધારે કાર્યવાહી કરવાની રહેશે.

(૧૫) ૧૧ માસ માટે કરારથી ફિક્સ પગારના ધોરણે જગ્યાઓની ભરતીની લાયકાતો અને ભરતીના નિયમો અને સેવાઓની બોલીઓ અને શરતો મંજૂર કરાવ્યા બાદ આ જગ્યાઓની ભરતીની કાર્યવાહી કરવાની રહેશે.

(૧૬) આ અંગેનો ખર્ચ માંગણી નં-૯૨ મુ.સ-૨૨૩૫-૦૨-૧૦૧-૦૧ બજેટ હેડ હેઠળ પાડવાનો રહેશે.

આ મંજૂરી આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર નાણાં વિભાગની તા.૩૦/૦૯/૨૦૧૯ની નોંધથી મળેલ મંજૂરી અન્વયે આપવામાં આવે છે.

ગુજરાત રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

patelDC

( ડી. સી. પટેલ )
ઉપ સચિવ,
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ.

પ્રતિ,

- માન.મંત્રીશ્રી (સા.ન્યા.)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- અધિક મુખ્ય સચિવશ્રી, આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- કમિશ્નરશ્રી, વિકલાંગ વ્યક્તિઓ માટેના કમિશ્નરશ્રીની કચેરી, બ્લોક નં-૧૬, ડો જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર
- કમિશનરશ્રી, આરોગ્ય, તબીબી સેવાઓ અને તબીબી શિક્ષણની કચેરી, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- નિયામકશ્રી, સમાજ સુરક્ષા ખાતુ, બ્લોક નં-૧૬, ડો. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર
- નાયબ સચિવશ્રી (કરકસર), નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- નાણાકીય સલાહકારશ્રી (સા.ન્યા), નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- એકાઉન્ટ જનરલશ્રી, ગુજરાત, અમદાવાદ/રાજકોટ
- સર્વે જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીશ્રીઓ ( મારફતે નિયામકશ્રી સમાજ સુરક્ષા,બ્લોક નં-૧૬, ડો.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર)
- છ શાખા/ બજેટ શાખા, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ,સચિવાલય, ગાંધીનગર.
- સેક્શન અધિકારીશ્રી, કોમ્પ્યુટર સેલ, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, વિભાગની વેબસાઇટ પર મુકવા વિનંતી સહ.
- સિલેક્ટ ફાઇલ.